e MAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 146
June 06, 2008

## સાઉથ ઝોન (ઉધના) ની કામગીરી



સાઉથ ઝોન (ઉધના) ખાતે સુરત નવસારી રોડ પર પ્રમુખપાર્ક પાસે રૂા.૧૦.૮૮ લાખના ખર્ચે તૈયાર કરવામાં આવેલ પે એન્ડ યુઝ ટોયલેટ બ્લોકનું લોકાર્પણ શ્રી ચંપકભાઈ ભાણાભાઈ પટેલ મ્યુ. સદસ્યશ્રી, શ્રી કિશોરભાઈ એન. વાઘેલા મ્યુ. સદસ્યશ્રી, શ્રી મહેશસિંઘ, ડે. મ્યુ. કમિશનરશ્રી (જન) તેમજ સ્થાનિક રહીશોની ઉપસ્થિતિમાં તા.૨૮/૦૫/૨૦૦૮ ના રોજ કરવામાં આવેલ છે. આ ટોયલેટ બ્લોકના કારણે આ વિસ્તારના લોકો તેમજ રાહદારીઓને શૌચાલય તેમજ સ્નાનાગારની સુવિધા ઉપલબ્ધ થશે. અને સ્વચ્છતા અને જાહેર આરોગ્યમાં વધારો થશે.

વધુ માટે કલીક કરો >>>>>>

## નોર્થઝોન (કતારગામ) ની કામગીરી

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં, તા. ૩૦/૦૫/૨૦૦૮ ના રોજ શહેર વિકાસ ખાતા/દબાણ ખાતા દ્વારા કરવામાં આવેલ ડીમોલીશનની કામગીરી ...

વધુ માટે કલીક કરો >>>>>>

## વરાછા ફલાય ઓવર બ્રીજને સંલગ્ન એકઝીટ રેમ્પ ખુલ્લો મુકાયો



સુરત મહાનગરપાલિકા દ્વારા વરાછા ફલાય ઓવર બ્રીજને જોડતા રેમ્પની ઉદ્દઘાટનવિધિ માન.મેયરશ્રી ડો. કનુભાઈ માવાણીના વરદહસ્તે તા.૩૧/૦૫/૨૦૦૮ના રોજ સંપન્ન થઈ.
વરાછા મેઈન રોડ પર હીરા બાગ સર્કલ પાસે ફલાય ઓવર બ્રીજને સંલગ્ન "એકઝીટ રેમ્પ" રૂા.૨,૨૬,૧૪,૮૭૬–૫૩ ના ખર્ચે સાકાર થયેલ છે. સાકારિત પુલની કુલ લંબાઈ ૨૮૦ મીટર છે.એપ્રોચ ની લંબાઈ ૮૦ મીટર છે.

વધુ માટે કલીક કરો >>>>>>

## પશ્ચિમ ઝોન (રાંદેર) ની કામગીરી

સુરત શહેરના પશ્ચિમ ઝોન (રાંદેર)માં નવા સમાવિષ્ટ વિસ્તાર પાલ ગામતળમાં નવી ફળી તથા મોટી ફળીની વચ્ચે તથા પાછળના ભાગે નોંધ નં. ૫૪૬થી ૫૬૫ તથા નોંધ નં. ૬૦ થી ૮૦ વાળી મિલ્કતો સુધીની ગલી /રસ્તા પૈકીમાં આજુ–બાજુના મિલ્કતદારો તરફથી ઘણા વર્ષો જુનુ દબાણ કરી ગલી/રસ્તો બંધ બી દીધેલ. આ બાબતે ત્યાંના રહીશોએ સુરત મહાનગરપાલિકા તથા મુખ્ય મંત્રીશ્રીના ફરીયાદ નિવારણ કાર્યક્રમમાં રજુઆતો કરવાથી આશરે ૩૫૦ ફુટ લંબાઈનો રસ્તો ...

વધુ માટે કલીક કરો >>>>>>

## વરાછા ઝોનમાં આવેલ ગોપીનાથ અને રવિપાર્ક સોસાયટીમાં રસ્તા પરનું દબાણ તેમજ ગેરકાયદેસર દુકાનના બાંધકામનું ડીમોલીશન બાબત

સુરત મહાનગરપાલિકાના પૂર્વઝોન(વરાછા) વિસ્તારમાં નવા સમાવિષ્ટ સરથાણા વિસ્તારમાં ૨૦૦ ના વરાછા મેઈન રોડ પર ડ્રા.ટી.પી. સ્કીમ નં. ૨૨ (સરથાણા–વાલક),ફા. પ્લોટ નં.૬માં આવેલ ગોપીનાથ સોસાયટીમાં મંજુર પ્લાન વિરૂધ્ધ અગાઉ પ્લોટ નં.૫માં શ્રી ખોડીયાર ઈન્ટીરીયલ મોલનું બાંધકામ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## પશ્ચિમ ઝોન(રાંદેર)ની કામગીરી

સુરત મહાનગરપાલિકાનું હદ વિસ્તરણ થતાં કુલ–૨૭ ગામોનો સમાવેશ કરવામાં આવેલ છે. નવા સમાવિષ્ટ ગામો પૈકી વરીયાવ ગામમાં તાડવાડી વિસ્તારમાં આવેલ ગ્રામગૃહ નિર્માણ બોર્ડ વસાહતને મોડેલ સ્લમ તરીકે વિકસાવવાનું સુરત મહાનગરપાલિકાએ આયોજન હાથ ધરેલ છે.

વધુ માટે કલીક કરો >>>>>>

## શ્રી ચીમનલાલ લાપસીવાલા બાળતરણ સ્પર્ધાનું ઈનામ વિતરણ



હરિ : ૐ આશ્રમ પ્રેરિત, સુરત મહાનગરપાલિકા સંચાલિત " શ્રી ચીમનલાલ લાપસીવાલા બાળતરણ સ્પર્ધા " નું આયોજનતા.૦૪/૦૬/૨૦૦૮ને બુધવારના રોજ સવારે ૮.૦૦ કલાકે રૂસ્તમપુરા તરણકુંડ, કડીવાલા બુનકી મેટરનીટી હોમની સામે, રૂસ્તમપુરા,સુરત ખાતે કરવામાં આવેલ. જેમાં ઉપસ્થિત રહેવા તમામ સ્પર્ધકોએ નોંધ લેવી તથા જાહેર જનતાને હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવેલ.

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા આયોજીત ૩૬ મી નાટય સ્પર્ધા

સુરત મહાનગરપાલિકા આયોજીત ૩૬ મી નાટય સ્પર્ધા સપ્ટેમ્બર માસના પ્રથમ સપ્તાહમાં યોજવામાં આવનાર છે. સુરત શહેરની નાટય સંસ્થાઓ તથા કલાકારો આ નાટય સ્પર્ધામાં ભાગ લઈ શકશે. સ્પર્ધામાં ભાગ લેવા અંગેના પ્રવેશપત્રો મહાનગરપાલિકાના સાંકૃતિક વિભાગ, કાશ્મીરા બિલ્ડીંગ, મહાનગર પાલિકા, મુખ્ય કચેરી સામે, મુગલીસરા, સુરત ખાતેથી મળશે.

વધુ માટે કલીક કરો >>>>>>

## નોર્થઝોન(કતારગામ) ની કામગીરી

ડ્રા.ટી.પી.સ્કીમ નં.૪૯ (કતારગામ) ના ફા.પ્લોટ નં. ૧૮૬,૧૮૭,માં આવેલ ' સરિતા સોસાયટીમાં ' સુરત મહાનગરપાલિકાની પરવાનગી વગર ગેરકાયદેસર બાંધકામ કરતા મિલ્કતાદારને અત્રેથી તા.૨૨/૦૫/૦૮ ના રોથી મનાઈ હુકમ તથા કારણ દર્શક નોટીશ આપવામાં આવેલ તેમ છતા ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સાઉથ ઝોન(ઉધના) ની કામગીરી

સાઉથઝોન(ઉધના) વિસ્તારમાં ટી.પી. સ્કીમ નં.–૨(ઉધના), ફા.પ્લોટનં.–૫૬ ભરતનગર સોસાયટી વાળી મિલ્કતમાં સ.પ્લોટનં.–૬ થી ૧૦ અત્રેથી મંજુર પ્લાન વિરૂધ્ધ બાંધકામ અન્વયે તા.૧૬/૦૧/૨૦૦૮ થી નોટીસ આપવામાં આવેલ હતી .

વધુ માટે કલીક કરો >>>>>>

## પૂર્વઝોન(વરાછા) ની કામગીરી

સુરત મહાનગરપાલિકાના પૂર્વઝોન(વરાછા) વિસ્તારમાં આજરોજ મોટા પાયે દબાણ અભિયાનનું આયોજન કરવામાં આવેલ, જે અંતર્ગત સુરત મહાનગરપાલિકા માં સમાવિષ્ટ " યોગીચોક " વિસ્તારમાં બરોડા પ્રિસ્ટેઝ, મીની બજાર વિસ્તારને આવરી લઈ દબાણ દુર કરવામાં આવેલ જેમાં ખુલ્લી–૮૩, બંધ છાપરાવાળી ...

વધુ માટે કલીક કરો >>>>>>

# સાઉથ ઝોન (ઉધના) ની કામગીરી

સાઉથ ઝોન (ઉધના) ખાતે સુરત નવસારી રોડ પર પ્રમુખપાર્ક પાસે રૂા.૧૦.૮૮ લાખના ખર્ચે તૈયાર કરવામાં આવેલ પે એન્ડ યુઝ ટોયલેટ બ્લોકનું લોકાર્પણ શ્રી ચંપકભાઈ ભાણાભાઈ પટેલ મ્યુ. સદસ્યશ્રી, શ્રી કિશોરભાઈ એન. વાઘેલા મ્યુ. સદસ્યશ્રી, શ્રી મહેશસિંધ, ડે. મ્યુ. કમિશનરશ્રી (જન) તેમજ સ્થાનિક રહીશોની ઉપસ્થિતિમાં તા.૨૮/૦૫/૨૦૦૮ ના રોજ કરવામાં આવેલ છે. આ ટોયલેટ બ્લોકના કારણે આ વિસ્તારના લોકો તેમજ રાહદારીઓને શૌચાલય તેમજ સ્નાનાગારની સુવિધા ઉપલબ્ધ થશે. અને સ્વચ્છતા અને જાહેર આરોગ્યમાં વધારો થશે.





TOP

## નોર્થઝોન (કતારગામ) ની કામગીરી

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં, તા. ૩૦/૦૫/૨૦૦૮ ના રોજ શહેર વિકાસ ખાતા/દબાણ ખાતા દ્વારા કરવામાં આવેલ ડીમોલીશનની કામગીરી

ધનમોરા કોમ્પલેક્ષથી બાપા–સીતારામ ચોક તરફ જતાં મગનનગર મેઈન રોડ ડ્રા.ટી.પી. સ્કીમ નં. ૪૯ (કતારગામ) રે.સ. નં. ૧૩/૨ ફા. પ્લોટ. નં. ૨૨/એ સબ પ્લોટ નં. એ–૨ મગનનગરમાં નવી શરતની જગ્યામાં માર્જીન છોડયા સિવાય પ્લાન મંજુર કરાવ્યા સિવાય કરવામાં આવેલ ગેરકાયદેસર બાંધકામ અગાઉ તા. ૦૨/૦૬/૨૦૦૭ ના રોજ તેમજ તા.૧૪/૦૬/૨૦૦૭ ના રોજ દુર કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ મિલકતદાર દ્વારા ફરીથી રાત્રી દરમ્યાન ગ્રા.ફલોરનો સ્લેબ ભરીને રાતોરાત દુકાનો બનાવી દેવામાં આવેલ હતી. જે તા.૩૦/૦૫/૨૦૦૮ એ જે.સી.બી.મશીન તેમજ શહેર વિકાસ/દબાણ ખાતાના બેલદારો મારફત અંદાજીત ૮૦૦ ચો.ફૂટનું ગેરકાયદેસર આર.સી.સી.સ્લેબનું બાંધકામ દુર કરવામાં આવેલ હતુ.

મોજે અમરોલી, જલારામ પાર્ટી પ્લોટ નજીક આવેલ રે.સ.નં. ૧૮ પૈકી વાળી મિલકતમાં મિલકતદાર દ્વારા હયાત ગ્રા.ફલોર ત્રત્રણ માળ ની ઉપર ચોથામાળનો સ્લેબ મંજુર કરાવ્યા સિવાય ગેરકાયદેસર બાંધકામ કરેલ જણાતા અત્રે થી તા.૩૦/૦૫/૨૦૦૮, શહેર વિકાસ ખાતા/દબાણ ખાતાના બેલદારો મારફતે અંદાજે ૧૦૦ ચો.ફુટ આર.સી.સી. સ્લેબનું બાંધકામ તેમજ ચણતરની દિવાલો ૨૦૦ ચો.ફુટ કરવામાં આવેલ છે.

ઉપરોકત બંને ગેરકાયદેસર બાંધકામોમાં ડીમોલીશનની કામગીરી પેટે વહીવટી ચાર્જ રૂ.૨૦,૦૦૦/– વસુલ કરવામાં આવેલ છે.

TOP

## વરાછા ફલાય ઓવર બ્રીજને સંલગ્ન એકઝીટ રેમ્પ ખુલ્લો મુકાયો



સુરત મહાનગરપાલિકા દ્વારા વરાછા ફલાય ઓવર બ્રીજને જોડતા રેમ્પની ઉદ્દઘાટનવિધિ માન.મેયરશ્રી ડો. કનુભાઈ માવાણીના વરદહસ્તે તા.૩૧/૦૫/૨૦૦૮ના રોજ સંપન્ન થઈ.

વરાછા મેઈન રોડ પર હીરા બાગ સર્કલ પાસે ફલાય ઓવર બ્રીજને સંલગ્ન "એકઝીટ રેમ્પ" રૂા.૨,૨૬,૧૪,૮૭૬–૫૩ ના ખર્ચે સાકાર થયેલ છે. સાકારિત પુલની કુલ લંબાઈ ૨૮૦ મીટર છે.એપ્રોચ ની લંબાઈ ૮૦ મીટર છે. પુલની પહોળાઈ ૬.૦૦ મીટર (૫.૪૦ મીટર કેરેજ–વે તથા ૦.૩૦ મીટરના ક્રેશ બેરીયર) સબસ્ટ્રકચર આર.સી.સી.પીયર, સુપરસ્ટ્રકચર આર.સી.સી.કાસ્ટ ઈન સી.ટુ.બોક્ષ ટાઈપ સુપરસ્ટ્રકચર,બેરીંગ Elastomeric bearing, એક્ષપાન્શ જોઈન્ટ Single Stip Seal type રાખવામાં આવેલ છે.



સુરત મહાનગરપાલિકા દ્વારા શહેરનાં અતિ વ્યસ્ત વરાછા વિસ્તારનાં વરાછા મેઈન રોડ કે જે સુરત શહેરને નેશનલ હાઈવે નં.૮ (કામરેજ) સાથે જોડે છે. તથા જે રોડ રાજય માર્ગ નં. ૧૬૭ નો ભોગ હોઈ, તેના પર ફલાય ઓવર બ્રીજનું વર્ષ–૨૦૦૩માં નિર્માણ કરી કાર્યરત કરવામાં આવેલ હતો. ફલાય ઓવર બ્રીજની સુવિધાને કારણે નેશનલ હાઈવે નં.૮ તરફથી આવતા –જતા ટ્રાફિકને ખુબ સરળતા અનુભવાય છે. સાથોસાથ વરાછા મેઈન રોડના રાહદારીઓ તથા રસ્તાને ક્રોસ થતા ટ્રાફિકને પણ પૂર્ણ સવલત મળી રહેલ છે. આ ફલાય ઓવર બ્રીજના મહત્તમ ઉપયોગ માટે કાપોદ્રા રામનગર પાસે એક એન્ટ્રી રેમ્પની સુવિધા મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવેલ છે.

વધુમાં ફલાય ઓવર બ્રીજની વધુ ઉપયોગીતા માટે સુરત થી હીરાબાગ સુધી જતા ટ્રાફિકને હીરાબાગ સર્કલ પાસે નિકાસ કરવા અર્થે, એકઝીટ રેમ્પ નું નિર્માણ કરવામાં આવ્યું. આ આયોજન રૂપે હયાત ફલાય ઓવર બ્રીજને અડીને ૨૮૦ મીટરની લંબાઈમાં ૫.૪૦ મીટરના કેરેજ–વે વાળો એકઝીટ રેમ્પ કુલ રૂા.૨.૨૬ કરોડના ખર્ચે તૈયાર કરવામાં આવેલ છે.

આ એકઝીટ રેમ્પ તૈયાર થવાને કારણે હાલના ફલાય ઓવર બ્રીજનો ઉપયોગ વધશે અને હીરાબાગ તેમજ વલ્લભાચાર્ય માર્ગ–વિસ્તાર તરફ જતાં ટ્રાફિકને સુવિધા થશે અને તેટલે અંશે વરાછા મેઈન રોડ ઉપર ટ્રાફિકનું ભારણ હળવું થઈ શકશે.

આ પ્રસંગે આમંત્રિત મહાનુભાવો ઉપરાંત સમિતિના અધ્યક્ષશ્રીઓ,સદસ્યશ્રીઓ,અધિકારીશ્રીઓ, કર્મચારી ગણ તથા વિશાળ સંખ્યામાં જનમેદનીઓ ઉપસ્થિત રહી કાર્યક્રમ સફળ બનાવ્યો હતો.

TOP

## પશ્ચિમ ઝોન (રાંદેર) ની કામગીરી

સુરત શહેરના પશ્ચિમ ઝોન (રાંદેર)માં નવા સમાવિષ્ટ વિસ્તાર પાલ ગામતળમાં નવી ફળી તથા મોટી ફળીની વચ્ચે તથા પાછળના ભાગે નોંધ નં. ૫૪૬થી ૫૬૫ તથા નોંધ નં. ૬૦ થી ૮૦ વાળી મિલ્કતો સુધીની ગલી /રસ્તા પૈકીમાં આજુ–બાજુના મિલ્કતદારો તરફથી ઘણા વર્ષો જુનુ દબાણ કરી ગલી/રસ્તો બંધ બી દીધેલ. આ બાબતે ત્યાંના રહીશોએ સુરત મહાનગરપાલિકા તથા મુખ્ય મંત્રીશ્રીના ફરીયાદ નિવારણ કાર્યક્રમમાં રજુઆતો કરવાથી આશરે ૩૫૦ ફુટ લંબાઈનો રસ્તો તથા આશરે કુલ–૫૫૦૦ ચોરસ ફુટ જગ્યામાં ૫૦ મિલ્કતોનું દબાણ થયેલ હતું જે આજરોજ પુરેપુરુ ખુલ્લુ કરવામાં આવેલ છે. જેને કારણે સદરહું ગલીવાળી મિલકતોને ડ્રેનેજ, પાણી ની સુવિધાઓ સરળતાથી મળી શકશે. પાલ ગામનો સદરહું રસ્તો ખુલ્લો કરવાથી વર્ષો જુના પ્રશ્નનું નિરાકરણ કરવામાં આવેલ છે.

તદઉપરાંત ટી.પી.સ્કીમ ૩૨(અડાજણ) ફા.પ્લોટ નં.૧૪૪ માં આવેલ નોર્વધનપાર્ક સોસાયટીના પ્લાન ડ્રા.ટીપી. સ્કીમ મુજબ મંજુર થયેલ. ત્યારબાદ ટી.પી. સ્કીમ પ્રિલીમીનરી તરીકે જાહેર થતાં મંજુર લે–આઉટ મુજબ દર્શાવેલ સોસાયટીના આંતરીક રસ્તા પર લાગુ સબ પ્લોટ હોલ્ડરોએ આશરે ૧૮૦ ફુટની લંબાઈમાં દિવાલ કરી સોસાયટીના આંતરીક જગ્યા ઉપર દબાણ કરી રસ્તો સાંકડો બનાવી દીધેલ. જે દિવાલ દુર કરી આંતરીક રસ્તો મંજુર પ્લાન મુજબ પુરેપુરો ખુલ્લો કરેલ છે અને સોસાયટી રહીશોની ફરીયાદનું નિરાકણ કરેલ છે.

ઉપરોકત કામગીરી માન.ઝોનલ ચીફશ્રી સૂચનાથી તથા કાર્યપાલક ઈજનેરશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ પશ્ચિમ ઝોનના શહેર વિકાસ/દબાણ વિભાગના સ્ટાફ ધ્વારા કરવામાં આવેલ છે.

TOP

## વરાછા ઝોનમાં આવેલ ગોપીનાથ અને રવિપાર્ક સોસાયટીમાં રસ્તા પરનું દબાણ તેમજ ગેરકાયદેસર દુકાનના બાંધકામનું ડીમોલીશન બાબત

| | |
|---|---|
| (૧) | સુરત મહાનગરપાલિકાના પૂર્વઝોન(વરાછા) વિસ્તારમાં નવા સમાવિષ્ટ સરથાણા વિસ્તારમાં ૨૦૦ ના વરાછા મેઈન રોડ પર ડ્રા.ટી.પી. સ્કીમ નં. ૨૨ (સરથાણા–વાલક),ફા. પ્લોટ નં.૬માં આવેલ ગોપીનાથ સોસાયટીમાં મંજુર પ્લાન વિરૂધ્ધ અગાઉ પ્લોટ નં.પમાં શ્રી ખોડીયાર ઈન્ટીરીયલ મોલનું બાંધકામ કરવામાં આવેલ હતું હાલમાં મિલ્કતદાર શ્રી માધવભાઈ વાઘજીભાઈ ડોબરીયા ધ્વારા પ્રથમ માળે મંજુર પ્લાન વિરૂધ્ધ દુકાન બનાવવાના ઈરાદે ચણતરકામ શરૂ કરેલ, જે અન્વયે પૂર્વઝોન (વરાછા) ધ્વારા આશરે ૨૦' × ૫૦' માપ વિસ્તારમાં કરેલ ચણતરકામ દુર કરી કુલ ૧૦૦૦ ચો.ફુટનું બિન અધિકૃત બાંધકામ દુર કરવામાં આવેલ છે. તેમજ મિલ્કતદાર પાસેથી ડીમોલીશન ચાર્જ પેટે રૂા.૩૦૦૦ વસુલ લેવામાં આવેલ છે. |
| (૨) | ટી.પી. સ્કીમ નં.૧૬(કાપોદ્રા) માં આવેલ રવિપાર્ક સોસાયટીના સ.પ્લોટ નં ૧૮૫ કબ્જેદારે સોસાયટીના આંતરિક રસ્તા પર દબાણ કરેલ હતું. જે આજ રોજ દબાણ દુર કરી તે ભાગમાં રસ્તો બનાવવામાં આવેલ છે. |

ઉપરોકત કામગીરી પૂર્વઝોનના દબાણ ખાતાના સ્ટાફની મદદથી પાર પાડવામાં આવેલ છે.

TOP

## પશ્ચિમ ઝોન(રાંદેર)ની કામગીરી

સુરત મહાનગરપાલિકાનું હદ વિસ્તરણ થતાં કુલ–૨૭ ગામોનો સમાવેશ કરવામાં આવેલ છે. નવા સમાવિષ્ટ ગામો પૈકી વરીયાવ ગામમાં તાડવાડી વિસ્તારમાં આવેલ ગ્રામગૃહ નિર્માણ બોર્ડ વસાહતને મોડેલ સ્લમ તરીકે વિકસાવવાનું સુરત મહાનગરપાલિકાએ આયોજન હાથ ધરેલ છે. સદરહું વિસ્તારમાં ગ્રામગૃહ નિર્માણ બોર્ડ ધ્વારા ફાળવવામાં આવેલ પ્લોટ વિસ્તાર કરતા વધુ બાંધકામ કરી પ્લોટ હોલ્ડરો ધ્વારા દબાણ કરવામાં આવેલ. જે ઓટલા, શેડ, રૂમો, વિગેરેનું દબાણ કરી રસ્તા ખુલ્લા કરવાની કામગીરી પશ્ચિમ ઝોન(રાંદેર) ધ્વારા તા.૨૮/૦૫/૨૦૦૮ થી શરૂ કરવામાં આવેલ. આશરે ૪૬,૪૩૪ ચોરસ ફુટ માપ વિસ્તાર જેટલુ દબાણ દુર કરી જગ્યા આંતરીક રસ્તાઓ ખુલ્લા કરવામાં આવેલ છે. આમ, જે રસ્તાઓ ઉપરથી રીક્ષા જેવું વાહન પણ પસાર થઈ શકે તેમ ન હતું, ત્યાં હવે સરળતાથી બસ/ટ્રક જેવા હેવી વ્હીકલો પણ પસાર થઈ શકશે.

વધુમાં, આ વિસ્તારમાં ખુલ્લા કરેલ રસ્તા પૈકીની જળળગયા ઉપર મેટલ ગ્રાઉટીંગ ના રસ્તા બનાવવાની કામગીરી યુધ્ધના ધોરણે હાથ ધરવામાં આવેલ છે. તેમજ આ વિસ્તારના રસ્તા ઉપર કુલ– ૧૫૬ સ્ટ્રીટ લાઈટ પોલ નાંખવાનું આયોજન છે. જેના એદાજ થયેલ છે. જે ટેન્ડર મંગાવવામાં આવેલ છે. જે મંજુરી હેઠળ છે. તેમજ આ સ્લમની ફરતે આજુબાજુમાં ૨૦ લાખના ખર્ચે ૦૪ (ચાર) ' પે એન્ડ યુઝ ' ટોયલેટ બ્લોક બનાવવામાં આવેલ છે. તેમજ નવા ૦૨(બે) ' પે એન્ડ યુઝ ' ટોયલેટ બ્લોક બનાવવાની કામગીરી પ્રગતિમાં છે. આ મોડેલ સ્લમમાં આવેલ ખુલ્લી જગ્યામાં પબ્લીક યુટીલીટી સેન્ટર બનાવવાનું આયોજન છે. જેમાં વાર્ડ ઓફિસ, આંગણવાડી, યુસીડી સેન્ટર, આરોગ્ય કેન્દ્રનો સમાવેશ થાય છે.

ઉપરોકત તમામ સુવિધા ઉપલબ્ધ થયેથી વરીયાવ વિસ્તારમાં ગ્રામગૃહ નિર્માણ બોર્ડ ધ્વારા તૈયાર કરેલ વસાહતના રહીશોને સ્વચ્છતા, સુંદરતા સાથે તમામ પ્રાથમિક સુવિધાઓ આ સ્લમ વિસ્તારમાં પ્રાપ્ત થશે અને એક આગવું તેમજ અનોખું મોડેલ સ્લમ તૈયાર થશે.

ઉકત દબાણ દુર કરવાની કામગીરી માન.ઝોનલ ચીફશ્રી સૂચનાથી તથા કાર્યપાલક ઈજનેરશ્રી ના સીધા માર્ગદર્શન હેઠળ વરાછા ઝોન, અઠવા ઝોન, ઉધના ઝોન, કતારગામ ઝોન, તથા પશ્ચિમ ઝોન (રાંદેર) ના શહેર વિકાસ/દબાણ વિભાગના સ્ટાફ ધ્વારા કરવામાં આવેલ છે.

TOP

# શ્રી ચીમનલાલ લાપસીવાલા બાળતરણ સ્પર્ધાનું ઈનામ વિતરણ



હરિ : ૐ આશ્રમ પ્રેરિત, સુરત મહાનગરપાલિકા સંચાલિત " શ્રી ચીમનલાલ લાપસીવાલા બાળતરણ સ્પર્ધા " નું આયોજનતા.૦૪/૦૬/૨૦૦૮ને બુધવારના રોજ સવારે ૮.૦૦ કલાકે રૂસ્તમપુરા તરણકુંડ, કડીવાલા બુનકી મેટરનીટી હોમની સામે, રૂસ્તમપુરા, સુરત ખાતે છોકરાઓ તથા છોકરીઓના અલગ અલગ વય જૂથ મળી કુલ –૪ વિભાગમાં યોજવામાં આવી હતી. જેમાં ૫૭ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. બાળતરણ સ્પર્ધાનો શુભારંભ સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા શ્રીમતી જયોતિબેન કોઠીયા, રૂગ્ણાલય, વૈદકીયરાહત અને તંદુરસ્તી વર્ધક સમિતિના અધ્યક્ષશ્રી પિયુષભાઈ શિવશકિતવાળા, હરિ : ૐ આશ્રમના પ્રતિનિધિશ્રીઓએ કરાવ્યો હતો. આ બાળતરણ સ્પર્ધાના ૯ થી ૧૧ વર્ષના વયગૃપના છોકરાઓમાં પ્રથમ સેલર કરણકુમાર ધર્મેન્દ્રભાઈ, દ્વિતિય રજપુત શુભમ ભરતભાઈ, તૃતિય સપકાલ મીંલીદ હરીશભાઈ, આશ્વાસન વિજેતા સકશેના ઓમ જય અને છોકરીઓમાં પ્રથમ મહેતા આરોહી પિયુષભાઈ, દ્વિતિય ધ્રુવી કેતન પટેલ, તૃતિય હની મહેશ શર્મા, આશ્વાસન જાનકી શશીકાંતભાઈ રજપૂત વિજયી બન્યા હતા. તથા ૧૧ થી ૧૩ વર્ષના વય ગૃપના છોકરાઓમાં પ્રથમ ભાણવડીયા રાજ સંજયભાઈ, દ્વિતિય ટંડેલ દત્તકુમાર આર.,તૃતિય ચૌધરી ધ્રુવ ગિરિશભાઈ, આશ્વાસન વિજેતા શાહ હિતાક્ષ અજયભાઈ તથા છોકરીઓમાં પ્રથમ રેતીવાલા પલ્લવી અશોકભાઈ, દ્વિતિય શાહ ઝીલ દક્ષય, તૃતિય યુતિકા કૌશીક ભારતી વિજયી નીવડયા હતા.

આ બાળતરણ સ્પર્ધાના વિજેતાઓને મા.મેયરશ્રી ડૉ.કનુભાઈ માવાણી, સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા શ્રીમતી જયોતિબેન કોઠીયા,ઉપાધ્યક્ષશ્રી શૈલેષભાઈ જરીવાળા, રૂગ્ણાલય, વૈદકીયરાહત અને તંદુરસ્તી વર્ધક સમિતિના અધ્યક્ષશ્રી પિયુષભાઈ શિવશકિતવાળા, હરિ : ૐ આશ્રમના પ્રતિનિધિ શ્રી મહેન્દ્રસિંહ ચૌહાણ, શ્રીકનૈયાભાઈ છત્રપતિ, શ્રી સન્મુખભાઈ જીનવાલા તથા સ્વ.ચીમનલાલ લાપસીવાલા ના સુપુત્ર મહેન્દ્રભાઈ લાપસીવાલાના હસ્તે ટ્રોફી તથા પ્રમાણપત્ર તેમજ સ્મૃતિભેટ એનાયત કરવામાં આવ્યા હતા. સ્પર્ધામાં ભાગ લેનાર તમામ સ્પર્ધકોને સુરત મહાનગરપાલિકા તરફથી લ્હાણી, પાર્ટીસીપન્ટ પ્રમાણપત્ર તથા, હરિ : ૐ આશ્રમ તરફથી પુસ્તિકા તેમજ સ્મૃતિભેટનું વિતરણ કરાયું હતું. સ્પર્ધા સ્થળે મ્યુ.સભ્યશ્રીઓ,મ્યુ.અધિકારીશ્રીઓ, કર્મચારીશ્રીઓ તેમજ વાલીઓએ હાજર રહી સ્પર્ધકોને પ્રોત્સાહિત કર્યા હતા.

TOP

## સુરત મહાનગરપાલિકા આયોજીત ૩૬ મી નાટય સ્પર્ધા

સુરત મહાનગરપાલિકા આયોજીત ૩૬ મી નાટય સ્પર્ધા સપ્ટેમ્બર માસના પ્રથમ સપ્તાહમાં યોજવામાં આવનાર છે. સુરત શહેરની નાટય સંસ્થાઓ તથા કલાકારો આ નાટય સ્પર્ધામાં ભાગ લઈ શકશે. સ્પર્ધામાં ભાગ લેવા અંગેના પ્રવેશપત્રો મહાનગરપાલિકાના સાંકૃતિક વિભાગ, કાશ્મીરા બિલ્ડીંગ, મહાનગર પાલિકા, મુખ્ય કચેરી સામે, મુગલીસરા, સુરત ખાતેથી મળશે. નાટય સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છતી સંસ્થાઓએ પ્રવેશપત્ર સાથે રૂા.૧,૦૦૦/– ની ડીપોઝીટનો ચેક તથા નાટયકૃતિની એક કોમ્પ્યુટરરાઈઝડ હાર્ડ કોપી તથા સોફટ કોપી (સીડી) પ્રવેશ ફોર્મ સાથેતા.૧૬/૦૬/૨૦૦૮ સુધી સાંજે ૫.૦૦ કલાક સુધીમાં સાંસ્કૃતિક વિભાગમાં મોકલી આપવાના રહેશે. અધુરી વિગતવાળા પ્રવેશ પત્રો રદ વથાને પાત્ર રહેશે.

TOP

## નોર્થઝોન(કતારગામ) ની કામગીરી

નોર્થઝોન(કતારગામ) વિસ્તારમાં, તા.૦૩/૦૬/૨૦૦૮ ના રોજ શહેરવિકાસ ખાતા/દબાણ ખાતા ધ્વારા કરવામાં આવેલ ડીમોલીશનની કામગીરીની વિગત નીચે મુજબ છે.

ડ્રા.ટી.પી.સ્કીમ નં.૪૯ (કતારગામ) ના ફા.પ્લોટ નં. ૧૮૬,૧૮૭,માં આવેલ ' સરિતા સોસાયટીમાં ' સુરત મહાનગરપાલિકાની પરવાનગી વગર ગેરકાયદેસર બાંધકામ કરતા મિલ્કતાદારને અત્રેથી તા.૨૨/૦૫/૦૮ ના રોથી મનાઈ હુકમ તથા કારણ દર્શક નોટીશ આપવામાં આવેલ તેમ છતા સદર નોટીસોનું ઉલ્લંઘન કરી મિલ્કતદારે સ્થળે કામ ચાલુ રાખેલ હોય તા.૦૩/૦૬/૦૮ ના રોજ સદર મિલ્કતમાં એન્ટ્રી નોટીસ આપી ગેરકાયદેસર બાંધકામ જે.સી.બી.મશીન તથા દબાણ ખાતાના બેલદારો મારફત આશરે ૧૭૦૦ ચો.ફુટ આર.સી.સી. પ્લીન્થો દુર કરવામાં આવેલ છે.

ડ્રા.ટી.પી. સ્કીમ નં. ૪૯ (કતારગામ), ફા.પ્લોટ નં. ૯૨, બાપા સીતારામ ચોક પાસે આવેલ ઋક્ષમણી સોસાયટીના સ.પ્લોટ નં.૯ માં માર્જિનવાળા ભાગમાં ગેરકાયદેસર દુકાનો બનાવવાનું કામ સુરત મહાનગરપાલિકાની પરવાનગી મેળવ્યા સીવાય કરવામાં આવતા અત્રેથી તા.૦૧/૦૪/૨૦૦૮ થી મનાઈ હુકમ તથા કારણદર્શક નોટીસ આપવામાં આવેલ તેમ છતાં મિલ્કતદારે સદર નોટીસોનો અનાદર કરી સ્થળ ઉપર કામ ચાલુ રાખેલ હોય અત્રેના શહેર વિકાસ તથા દબાણખાતાના સ્ટાફે અંદાજે ૪૦૦ ચો.ફુટ આર.સી.સી. સ્લેબનું બાંધકામ તથા ચણતરની દિવાલો, શટર દુર કરવામાં આવેલ.

ઉપરોકત બંને ગેરકાયદેસર બાંધકામોમાં ડીમોલીશન કામગીરી પેટે વહીવટી ચાર્જરૂા.૨૩,૦૦૦/– વસુલ કરવામાં આવેલ.

TOP

## સાઉથ ઝોન(ઉધના) ની કામગીરી

સાઉથઝોન(ઉધના) વિસ્તારમાં ટી.પી. સ્કીમ નં.–૨(ઉધના), ફા.પ્લોટનં.–૫૬ ભરતનગર સોસાયટી વાળી મિલ્કતમાં સ.પ્લોટનં.–૬ થી ૧૦ અત્રેથી મંજુર પ્લાન વિરૂધ્ધ બાંધકામ અન્વયે તા.૧૬/૦૧/૨૦૦૮ થી નોટીસ આપવામાં આવેલ હતી. તેમ છતા પણ મિલ્કતદાર ધ્વારા ગેરકાયદેસર બાંધકામ ચાલુ રાખતા અત્રેથી તા.૧૫/૦૩/૨૦૦૮ નાં રોજ એન્ટ્રી નોટીસ આપી ગેરકાયદેસર બાંધકામ દુર કરવાનું ચાલુ કરવામાં આવેલ હતું. મિલ્કતદાર ધ્વારા મંજુર પ્લાન વિરૂધ્ધ બાંધકામ જાતે દુર કરવા અંગેની લેખિતમાં બાંહેધરી આપેલ હતી. અને અત્રે થી રૂા.૨,૦૦,૦૦૦.૦૦ (અંકે રૂપિયા બે લાખ) ડિપોઝીટ પેટે જમા લેવામાં આવેલ. તેમ છતા મિલ્કતદાર ધ્વારા જાતે ગેરકાયદેસર બાંધકામ દુર ન કરતાં તા.૩૧/૦૫/૨૦૦૮ નાં રોજ અત્રેથી સાઉથઝોન(ઉધના) તેમજ અઠવા ઝોન દબાણ સ્ટાફની મદદથી મંજુર પ્લાન વિરૂધ્ધનું માર્જીનવાળા ભાગનું ગેરકાયદેસર બાંધકામ દુર કરવાનું ચાલુ કરવામાં આવેલ હતું. જેથી મિલ્કતદાર ધ્વારા જાતે ગેરકાયદેસર બાંધકામ દુર કરવાની કામગીરી ચાલુ કરવામાં આવેલ.

વધુમાં ઉધના–નવસારી મેઈન રોડ, રાજકુમાર સિનેમાં સામે, દેના બેંક પાસે તેમજ ઉધના ત્રણ રસ્તા પાસેથી તેમજ ઉધના સંઘ રોડ નં.–૧૦ પરથી અંદાજે ૬૯ જેટલી લારી ગલ્લા, કેબીનનું દબાણ હટાવી ઉધના દબાણ ડેપો ખાતે જમા લેવામાં આવેલ. ઉપરોકત કામગીરી સાઉથઝોન (ઉધના) અઠવા ઝોન, લિંબાયત ઝોન તેમજ કતારગામ ઝોન દબાણ સ્ટાફ તેમજ સીકયુરીટી સ્ટાફની મદદથી કરવામાં આવેલ.

TOP

## પૂર્વઝોન(વરાછા) ની કામગીરી

સુરત મહાનગરપાલિકાના પૂર્વઝોન(વરાછા) વિસ્તારમાં આજરોજ મોટા પાયે દબાણ અભિયાનનું આયોજન કરવામાં આવેલ, જે અંતર્ગત સુરત મહાનગરપાલિકા માં સમાવિષ્ટ " યોગીચોક " વિસ્તારમાં બરોડા પ્રિસ્ટેઝ, મીની બજાર વિસ્તારને આવરી લઈ દબાણ દુર કરવામાં આવેલ જેમાં ખુલ્લી–૮૩, બંધ છાપરાવાળી લારી –૧૯, કાઉન્ટર–૯, મળી કુલ–૧૧ લારીઓ જપ્ત કરવામાં આવેલ. સાથે બરોડા પ્રિસ્ટેઝ પર ગેરકાયદેસર રીતે દબાણ  કરનારા પાથરણાવાળાઓનાં કુલ–૧૦૮ નંગ તેમજ કપડા વેચનારા ફેરિયાઓ પાસેથી ૧૧ પોટલા જપ્ત કરવામાં  આવેલ છે. વધુમાં આજરોજ મગોબ–ડુંભાલ વિસ્તારમાં ટ્રાન્સપોર્ટ ગોડાઉનના મુખ્ય દરવાજાથી કેનાલને લાગુ ટી.પી. રસ્તા પર ગેરકાયદેસર રીતે ઉભા થયેલ ૮૦–જેટલા તેમજ ૨૫–જેટલા ઝુંપડાઓ યોગીચોક પરથી દુર કરવામાં આવેલ છે.

આ દબાણ અભિયાનની સમગ્ર દિવસ દરમ્યાન તેમજ મોડી રાત સુધી કરવામાં આવેલ આ કાર્યવાહીમાં અત્રેના દબાણખાતાનો સ્ટાફ, પૂર્વઝોન(વરાછા)ના શહેર વિકાસ ખાતાનો સ્ટાફ, રાંદેર ઝોન, કતારગામ ઝોન,નો દબાણ સ્ટાફ તેમજ સિકયોરીટી સ્ટાફના સંકલનથી સફળ રીતે પાર પાડવામાં આવેલ છે.

TOP